# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),**

" સમૃધ્ધિ ", એનેક્ષી, ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com


---

રેફ નં. તાઃ ૨૮/૧૨/૨૦૦૯

તંત્રીશ્રી, _______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી )

---

## મહામહિમ કાઉન્સ્યુલ જનરલ ઈન્ડોનેશીયાના
## શ્રી ડીકકી ફેબ્રિયન " સ્પાર્કલ–૨૦૦૯" ની મુલાકાતે

### ચેમ્બર યોજીત 'સ્પાર્કલ–૨૦૦૯' ને બહોળો પ્રતિસાદ

સુરતઃ પંડિત દિન દયાલ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડીયમ ખાતે ચેમ્બર ધ્વારા યોજાયેલા જેમ એન્ડ જવેલરી એકઝીબીશન 'સ્પાર્કલ–૨૦૦૯' ને બહોળો પ્રતિસાદ મળતાં સ્ટોલ ધારકોનો ઉત્સાહ વધ્યો છે.

છેલ્લા ત્રણ દિવસથી ચાલી રહેલા આ પ્રદર્શનની મુલાકાત લેનારા મહાનુભાવોમાં આજે મહામહિમ કાઉન્સ્યુલ જનરલ  ઈન્ડોનેશીયાના શ્રી ડીકકી ફેબ્રીયને પ્રદર્શન નિહાળી સંતોષ વ્યકત કર્યો હતો.  જવેલરીની વિવિધ ડીઝાઈન અને થીમ બેઝ જવેલરી નિહાળી તેઓ ખૂબજ પ્રભાવિત થયા હતા. સુરત જેમ એન્ડ જવેલરીનું હબ બની શકે તે માટે આવા પ્રદર્શન જરૂરી છે એવો મત તેમણે વ્યકત કર્યો હતો. સાથોસાથ તેમણે કહયુ હતુ કે ઈન્ડોનેશીયામાં રફ ડાયમંડની ખાણો આવેલી છે પંરતુ જવેલરી ડીઝાઈનનું માળખુ વધુ સેટઅપ થયુ નથી ત્યાં  જવેલરી ડીઝાઈન ક્ષેત્રે વ્યાપક તકો રહેલી છે.

પ્રદર્શનની મુલાકાત લેનારા મહાનુભાવોમાં ભૂ.પૂ. મેયર ડૉ. કનુભાઈ માવાણી, ટોરેન્ટ પાવરના એકઝીકયુટીવ ડાયરેકટર શ્રી જાગૃત વ્યાસ તથા સુરત એરપોર્ટના એરપોર્ટ કન્ટ્રોલર શ્રી અશોક વર્માએ સ્પાર્કલ–૨૦૦૯ નિહાળ્યુ હતું અને ચેમ્બરના પ્રયાસને બિરદાવ્યો હતો.

આજે પણ મોટી સંખ્યામાં ઉમટી પડેલા મુલાકાતીઓએ પ્રદર્શનના આકર્ષણસમા હજુરી, ડોલ્ફીન અને અન્ય ડીઝાઈન્સ રસપૂર્વક નિહાળી હતી.